બીજાઓના નામે ચાલતા ડમી ગેસ કનેક્શનો પર પુરવઠા વિભાગ ધ્યાન આપશે ?

ગરીબોનું કેરોસીન બંધ, વ્યક્તિના પુરાવા પર ડમી ગેસ કનેક્શનો

ધાનેરા, તા. ૬

ધાનેરામાં અમિર અને ગરીબ તથા મધ્યમવર્ગના લોકો રહે છે. પરંતુ પુરવઠા વિભાગને બધાં અમીરો જ જોવા મળે છે.

ગરીબ લોકોના આધાર પુરાવા ઉપર બીજા લોકોના ડમી ગેસ કનેક્શનો તેમજ વ્યક્તિ મૃત્યુ પામેલ હોવા છતા બીજાના ત્યં ગેસનો બાટલો પહોંચે છે.

ગરીબોને પાંચ લિટર કેરોસીનથી પોતાનો મહિનો ચલાવી રહ્યા છે. ત્યારે રેશનકાર્ડમાં હવે ગેસનો સિક્કો લગાવી ગરીબોને મળતુ કેરોસીન બંધ થતા પ્રજામાં ભારે રોષ જોવા મળ્યો હતો.

જેના ઘરમાં ગેસનો ઉપયોગ કરાતો નથી તો તેમાં કાર્ડના આધારે બીજા થર્ડ પાર્ટીઓને કનેક્શન કેવી રીતે મળ્યા ? શું આમાં પણ મોટા ભ્રષ્ટાચાર છે, પુરવઠા વિભાગ ગેસ નેક્શન ધરાવતા ગ્રાહક પાસેથી રેશનકાર્ડની ઝેરોક્ષનુ બિડાણ લેવુ જોઈએ અને રેશન કાર્ડમાં કુલ નામમાંથી એક નામે કનેક્શન ના હોય તો તે ગેસ કનેક્શન રદ કરવામાં આવશે તો દૂધ અને પાણીનો ખ્યાલ આવી શકે છે. અને ગેસ નોંધાવી આ ખરેખર મોબાઈલ નંબર કોને છે તે બાબતેથી તપાસ કરવામાં આવે તો પોત ખુલી શકે અને ગરીબોને ન્યાય મળી શકશે.

મહેસાણા જિલ્લાના સાલડી ગામમાં રાજુભાઈ કાળીદાસ પટેલના ખેતરમાં દસ કિલોની દૂધી ઉતરતા ભારે આશ્ચર્ય સર્જાયું હતું. આસપાસના ખેડૂતો અને ગ્રામજનો ૧૦ કિલોની દુધી જોવા આવતા હતા.

ઈડીઆઈઆઈએ ગુજરાતમાં ૧૪ બાયોટેક્નો પ્રેનિયર્સ તૈયાર કર્યા

ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થાકીય નિર્માણ બાબતે અગ્રણી સંસ્થા એન્ટરપ્રેનિયરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ છેલ્લા થોડાં વર્ષોમાં ૧૪ બાયોટેક્નોપ્રેનિયર્સ તૈયાર કર્યા છે. વર્ષ ૧૧-૧૨માં બાયોટેકનો પ્રેનિયર્સની પ્રથમ બેચ માટે વર્ષ ૧૩-૧૪માં બીજી બેચ હવે ત્રીજી બેચ તૈયાર થઈ છે.

ઈડીઆઈઆઈએ પોતાના બાયોટેક્નોપ્રેનિયર્સ પ્રોગ્રામ અંતર્ગત બાયોટેક્નોલોજી, ફાર્માસ્યુટિકલ્સ અને બાયોમેડિકલ એન્જિનિયરીંગ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ અને પ્રોફેશ્રલ્સને તાલીમ આપી છે. સંસ્થાના ૧૦ મહિનાના વિકએન્ડ પ્રોગ્રામને ગુજરાત સરકારના ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મીશન (જીએસબીટીએમ)નો સહયોગ પ્રાપ્ત છે. લાઈફસાયન્સ અને બાયોટેક્નોલોજી ક્ષેત્રમાં નવીનીકરણને પ્રોત્સાહનને આપતી ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે ઈડીઆઈઆઈ રાજ્ય સરકારની સાથે મળીને વિવિધ પ્રોગ્રામ ચલાવે છે.

પ્રોગ્રામ અંગે વિગતો આપતા ઈડીઆઈઆઈ ખાતે પ્રોગ્રામ ડિરેક્ટર અને સિનિયર ફેકલ્ટી પ્રોફેસર બિપિન શાહે જણાવ્યું હતું કે, 'આ ૧૦ મહિનાની મુદ્દતનો ખાસ પ્રોગ્રામ વ્યવહારું અને શૈક્ષણિક જ્ઞાન આપે છે, જેમાં સહભાગીઓના સર્વાંગી વિકાસ માટે ઉદ્યોગોનો અનુભવ તથા નવી એન્ટરપ્રાઈઝ માટે સહયોગ અને ભંડોળ સુનિશ્ચિત કરવામાં આવે છે. વિસ્તૃત અભ્યાસક્રમ અને શિક્ષણના મિશ્રણ સાથે આ ઉદ્દેશ્ય હાંસલ કરવામાં આવે છે, જેનાથી બાયોટેક વેન્ચર સ્થાપવા માટે જરૂરી કૌશલ્ય પ્રાપ્ત કરવામાં મદદ મળી રહે છે.

ગુજરાતમાં બાયોટેક્નોલોજી ઉદ્યોગનું કદ આશરે રૂ. ૪,૦૦૦ કરોડ છે. ફાર્માસ્યુટિકલ્સ અને હેલ્થકેર સેક્ટર ઉદ્યોગમાં ૪૬ ટકા (રૂ. ૧,૮૨૩ કરોડ) હિસ્સો ધરાવે છે, જ્યારે કે એગ્રીકલ્ચર બાયોટેક્નોલોજી ક્ષેત્રનો હિસ્સો આશરે ૨૧ ટકા (રૂ. ૮૩૪ કરોડ) છે.

સાંતેજ પ્રાથમિક શાળાએ આગવો વિજ્ઞાન મેળો યોજાયો

તાજેતરમાં કલોલ તાલુકામાં સાંતેજ પ્રાથમિક શાળામાં શાળાના આગવા વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. યુવા ફાઉન્ડેશન-અમદાવાદના સહયોગથી ધો-૫ થી ૮ના કુલ ૩૬ બાળકોએ ૧૮ વિભાગમાં ભાગ લીધો હતો. યુવા ફાઉન્ડેશને શાળામાં પાણીની નવી પરબ બનાવી આપેલ છે અને સેનીટેશનનું રીનોવેશન પણ કરેલ છે તથા શાળામાં વિષયવસ્તુ આધારિત દિવાલ ઉપર ચિત્રકામ કરેલ છે. સાથે સાથે ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં વધુ બાળકો ભાગ લઈ શકે તે હેતુથી શાળાના સ્ટાફ તથા એસએમસી સભ્યો સાથે રહી શાળાના વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં બાળકોએ ઉત્સાહભેર પણ ભાગ લીધો હતો. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર અને કલોલ તાલુકા સદસ્ય બાબુજી ઠાકોર તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી નટવરસિંહ રાઠોડ તથા નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજય પરમાર બાળકો અને શિક્ષકોને પ્રોત્સાહન આપવા ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુર ખાતે સમસ્ત મુસ્લિમ સમાજના સમૂહલગ્ન યોજાયો : ૧૫ યુગલો નીકાહના બંધનમાં જોડાયા

પાલનપુરમાં સમસ્ત મુસ્લિમ સમાજના સમૂહલગ્નનું આયોનજ કરાયું હતું. જેમાં ૧૫ યુગલો નીકાહ કરી લગ્નબંધનમાં જોડાયા હતા. નવયુગલોને આમંત્રિત આગેવાનોએ શુભેચ્છા પાઠવી હતી. સમૂહલગ્નમાં ખાસ ઉપસ્થિત પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલે જણાવ્યું કે મુસ્લિમ સમાજમાં આવા સમૂહલગ્નો વારંવાર થવા જોઈએ જેનાથી ગરીબ વર્ગના લોકો પણ સચવાઈ જાય છે. શહેરના દાનવીરોએ નવયુગલોને ભેટો આપી હતી જેને સમૂહલગ્નના આયોજકોએ વધાવી આભાર વ્યક્ત કર્યો હતો. આ સમૂહલગ્નને સફળ બનાવવા નવયુવાનોએ ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.

શેઠ ભીખાભાઈ હાઈસ્કુલ ઈસનપુરના વિદ્યાર્થીઓ વકતૃત્વ સ્પર્ધામાં મોખરે

ગાંધીનગર, તા.૬

શેઠ ભીખાભાઈ હાઈસ્કુલ પ્રાથમિક વિભાગની ધો-૫માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. મિતલ રાજુભાઈ રબારીએ મગોડી હાઈસ્કૂલમાં આયોજિત વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવેલ છે. ધો-૫માં અભ્યાસ કરતી કુ.માર્ગી વાસુભાઈ પટેલે નિબંધ સ્પર્ધામાં બીજો નંબર પ્રાપ્ત કરેલ છે. શ્રી નટુભાઈ ઠકકર ફાઉન્ડેશન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિલ્ડ, પ્રમાણપત્ર, રોકડ રકમ તથા પુસ્તકથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

શેઠ ભીખાભાઈ હાઈ.પ્રા.વિ. (ગ્રાન્ટે)માં ધો-૮માં અભ્યાસ કરતા વિશાલ દિલિપભાઈએ વકતૃત્વ સ્પર્ધામાં ત્રીજો નંબર મેળવ્યો હતો જેનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. માતૃ સંસ્થા દ્વારા આ બધા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગુજરાત ઈતિહાસ પરિષદમાં વંચાયેલ શોધપત્ર

ગુજરાત ઈતિહાસ પરિષદનું ૨૨મું જ્ઞાનસત્ર તાજેતરમાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા જિ. અરવલ્લી મુકામે યોજાયેલ. જેમાં ગુજરાત રાજય અભિલેખાગાર ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક જીતેન્દ્ર વી. શાહે હાજરી આપી 'સાબરમતી આશ્રમ-ગાંધીઆશ્રમ-આર્કાઈઝ' નામા વિષય પર શોધપત્રનું વાંચન કર્યું હતું. આ અગાઉ પણ તેઓએ રાજયમાં અને રાજય બહાર વિવિધ સ્થળોએ હાજર રહી ૪૦ કરતાં વધારે શોધપત્રોનું વાંચન કરી ચર્ચામાં ભાગ લઈ ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત પાંચ શાળાઓના સંયુક્ત વાર્ષિકોત્સવ કાર્યક્રમ ધામધુમથી ઉજવાયો

ભિલોડા,તા.૬

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત પાંચ શાળાઓનો સંયુક્ત વાર્ષિકોત્સવ કાર્યક્રમ એન.આર.એ. વિદ્યાલય પટ્ટાંગણમાં ધામધુમથી દબદબાભેર ઉજવાયો હતો. વિદ્યાર્થીઓ અને વાલીગણમાં આનંદની લાગણી પ્રસરી હતી. જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ. વિદ્યાલય, એન.આર. કન્યા વિદ્યાલય, જન સેવા ગુજરાતી મીડીયમ સ્કુલ, જન સેવા ઈંગ્લીશ મીડીયમ પ્રાથમીક સ્કુલ, જન સેવા ઈંગ્લીશ મીડીયમ હાઈસ્કુલમાં વાર્ષિકોત્સવ કાર્યક્રમ દબદબાભેર આનંદ, ઉત્સાહપુર્વક ઉજવાયો હતો. જન સેવા સંઘ સંચાલિત પાંચ શાળાઓના વિદ્યાર્થીઓએ વાર્ષિકોત્સવ કાર્યક્રમ નિમિત્તે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતી ચેરમેન શુભેન્દ્રસિંહ સિસોદીયા, તા.પં.કારોબારી અધ્યક્ષ મુકેશભાઈ પટેલ,ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગામેતી, ડે.સરપંચ ભીખાભાઈ પટેલ, પુર્વ સરપંચ મનોજભાઈ પટેલ, સેવાભાવી કાર્યકર જયંતીલાલ ત્રિવેદી, રામઅવતાર શર્મા, ભિલોડા જન સેવા સંઘ પ્રમુખ ગીરીશકુમાર ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, મંત્રી ભુપેન્દ્રભાઈ પંડ્યા, શામળાજી ત્રિલોકીનાથ વિષ્ણુ મંદીર ટ્રસ્ટ ચેરમેન ગુણવંતભાઈ ત્રિવેદી, જન સેવા સંઘ ટ્રસ્ટી ભરતભાઈ ત્રિવેદી, ગોપાલભાઈ જોષી, નરેશભાઈ ત્રિવેદી, વાલી મંડળ પ્રમુખ વિકાસભાઈ ચૌહાણ, સામાજીક કાર્યકરો, આગેવાનો, વિદ્યાર્થીઓ, સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.

ખેતીને બચાવવાની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપું છુ. ૨૦૧૪-૧૫માં માત્ર સાત કરોડનું આયોજન હતુ. ૨૦૧૫-૧૬માં માત્ર આઠ કરોડનું આયોજન થયુ. ૨૦૧૬-૧૭માં ૨૭ કરોડનું થયું. મને કહેતા આનંદ થાય છે કે ધારાસભ્યએ મુખ્યમંત્રીને રજૂઆત કરી અને ખેડૂતોના હિતમાં ખેડૂતોની સરકારે ત્રણ વર્ષ માટે સાડા સાતસો કરોડ રૂપિયાનું આયોજન કર્યુ અને આ વર્ષમાં લગભગ ૨૦૦ કરોડ રૂપિયાનું આયોજન કર્યું છે. અને કલસ્ટરમાં આ યોજનાનો અમલ કરવા માટે ૭૦૦૦ ખેડૂતોની અરજીઓ પણ આવી ચુકી છે.

આ ગાંધીનગર જિલ્લાનો પ્રશ્ન છે અને સભ્યએ જે પ્રશ્ન પૂછ્યો ત્યારે બધા જ ધારાસભ્યો માટે આનંદની વાત એ છે કે અત્યાર સુધી આ યોજનાનો અમલ વન વિભાગ દ્વારા થતો હતો પણ પ્રજાની લાગણી હતી, ધારાસભ્યની માગણી હતી કે આની અમલવારી હવે કૃષિ વિભાગ કરવાનો છે. આ ૨૦૦ કરોડ રૂપિયાનો, ગૃહના સભ્યોને હું માહિતી આપુ છુ. ગાંધીનગર જિલ્લાની વાત કરૂ તો ૨૦૧૪માં ૪૧૨ અરજી પડતર હતી, ૨૦૧૫માં નવી અરજીઓ ૨૦૮ આવી એમાં કુલ અરજી બંને મળીને ૬૨૦ થઈ અને ૨૦૧૫માં મંજૂર કરી ૫૩૮ એટલે ૨૦૧૫માં માત્ર પડતર અરજી રહી ૮૨ ત્યારબાદ ૨૦૧૬ની અંદર ૮૨૫ અરજી આવી, ઉપરાંત જુની પડતર અરજી ૮૨ હતી. આ મળીને મંજૂર કરી ૯૦૭ અરજી ત્યારે કુલ અરજીઓ ૭૫૫ જેટલી ૨૦૧૬માં મંજૂર કરી, ૧૫૨ જે પડતર અરજી રહી છે એ હવે આ ખેડૂતોએ કલસ્ટરમાં અરજી કરવાની રહેશે. ૨૦૧૫ અને ૩૧-૧૨-૧૬ની સ્થિતિએ ૬૨૪ ખેડૂતોને રૂ. ૨૦૪.૭ લાખની સહાય ગાંધીનગર જિલ્લામાં ચુકવવામાં આવી છે.

પડઘમ શાંત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મતદાન યોજાનાર છે.જે જિલ્લાની બેઠક પર મતદાન યોજાનાર છે તેમાં ગાજીપુર, વારાણસી, ચંદોલી,'મિર્જાપુર, ભદોહી, સોનભદ્ર અને જોનપુરનો સમાવેશ થાય છે. આ તબક્કામાં નક્સલવાદીગ્રસ્ત જિલ્લા પણ સામેલ છે. સોનભદ્ર, મિર્જાપુર અને ચંદોલીમાં સુરક્ષા દળોનો એલર્ટ રાખવામાં આવ્યા છે. તમામ જગ્યાએ મતગણતરી હવે ૧૧મી માર્ચના દિવસે હાથ ધરવામાં આવનાર છે. અંતિમ તબક્કામાં ૧.૪૧ કરોડ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે તૈયાર છે. જેમાં ૬૪.૭૬ લાખ મહિલા મતદારો સામેલ છે. કુલ ૧૪૪૫૮ મતદાન કેન્દ્ર ઉભા કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૨ની વાત કરવામાં આવે તો અહીં ૪૦ સીટ પૈકી સમાજવાદી પાર્ટીએ ૨૩ સીટ જીતી હતી. જ્યારે બહુજન સમાજવાદી પાર્ટીને પાંચ, ભાજપને ચાર અને કોંગ્રેસને ત્રણ સીટ મળી હતી. આ તબક્કામાં ગાજીપુર, વારાણસી, જૌનપુર મહત્વપૂર્ણ છે. કુલ ૫૩૫ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. સૌથી વધારે વારાણસી કેન્ટમાં ૨૪ ઉમેદવારો તેમના ભાગ્ય અજમાવી રહ્યા છે. ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે સાત જિલ્લાની ૪૯ બેઠક ઉપર શાંતિપૂર્ણ માહોલમાં ૫૭ ટકાથી વધુ મતદાન થયું હતું. મતદાનને લઈને પહેલાથી જ સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. સાંજે પાંચ વાગ્યા સુધી ૫૭ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરી લીધો હતો. વારાણસી કેન્ટમાંથી સૌથી વધારે ૨૪ ઉમેદવાર મેદાનમાં રહેલા છે. તમામ રાજકીય પક્ષો પૂર્વીય ઉત્તરપ્રદેશને જીતના દરવાજા તરીકે ગણી રહ્યા છે. માયાવતીની નજર મુસ્લિમ મત બેંક પર કિન્દ્રત છે. વારાણસીમાં મોદીના બીજા રોડ શોને લઈને પહેલાથી જ તૈયારી કરાઈ હતી. સુરક્ષા વ્યવસ્થા પણ ખૂબ જ મજબૂત રાખનવામાં આવી હતી. પાંડેપુરમાં પહેલાથી જ જમા થઈ ગયા હતા. મોદી મોદી અને વંદે માતરમના નારા લગાવવામાં આવ્યા હતા. અગાઉ મોદી વારાણસીમાં પોલીસ લાઈન પહોંચ્યા હતા. જ્યાંથી મેગા શોની શરૂઆત કરવામાં આવી હતી. અત્રે નોંધનિય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંસદીય મતવિસ્તાર વારાણસીમાં શનિવારે પણ મેગા રોડ શો યોજ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. મોદીના શક્તિ પ્રદર્શનને લઈને ભાજપના કાર્યકરોમાં પણ ભારે ઉત્સાહ રહ્યો છે. વારાણસી સહિતના વિસ્તારમાં પ્રચારના છેલ્લા દિવસે તમામ રાજકીય નેતાઓએ તમામ તાકાત લગાવી દીધી છે. રોડ શો, જાહેર સભા અને જુદાજુદા કાર્યક્રમ ચાલી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આઠમી માર્ચના દિવસે મતદાન યોજાનાર છે. કોઈપણ જગ્યાએ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે.

રોમાંચક તબક્કામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે રહાણે ૪૦ રન સાથે રમતમાં હતો. કેપ્ટન વિરાટ કોહલી ફરી એકવાર ફ્લોપ રહ્યો હતો અને તે ૧૫ રન કરીને આઉટ થયો હતો. ભારતે એક વખતે ચાર વિકેટ ૧૨૦ રનમાં ગુમાવી દીધી હતી અને ટીમ મુશ્કેલીમાં દેખાઈ રહી હતી પરંતુ ત્યારબાદ પૂજારા અને રહાણેએ બાજી સંભાળી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી હેઝલવુડે ત્રણ વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયાએ છ વિકેટે ૨૩૭ રનથી આગળ રમતા આજે વધારે સમય સુધી બેટિંગ કરી ન હતી. ઓસ્ટ્રેલિયાની ટીમ ભારતના પ્રથમ દાવમાં ૧૮૯ રન ઓલઆઉટના જવાબમાં તેના પ્રથમ દાવમાં ૨૭૬ રન કર્યા હતા. આની સાથે તેની મહત્વપૂર્ણ લીડ થઈ ગઈ હતી. ગઈકાલે અણનમ રહેલો વાડે આજે ૪૦ રન કરીને આઉટ થયો હતો. જ્યારે સ્ટાર્ક ૨૬ રન કરીને આઉટ થયો હતો. ભારત તરફથી આજે સવારે પણ રવિન્દ્ર જાડેજાએ રંગ રાખ્યો હતો. જાડેજાએ ૬૩ રન આપીને છ વિકેટ ઝડપી હતી. જ્યારે અશ્વીને બે વિકેટ ઝડપી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે બેંગ્લોરના ઐતિહાસિક એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે શરૂ થયેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ભારતનો જોરદાર ધબડકો થયો હતો. ઓસ્ટ્રેલિયાના સ્પીનર લિયોનના તરખાટ સામે ભારતીય બેટ્સમેનોએ શરણાગતિ સ્વીકારી લીધી હતી અને ટીમ ઈન્ડિયાના તમામ બેટ્સમેનો ૧૮૯ રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા.ઓસ્ટ્રેલિયા પહેલાથી જ શ્રેણીમાં ૧-૦ની લીડ ભારત ઉપર ધરાવે છે. ૪ ટેસ્ટ મેચની શ્રેણીની પ્રથમ ટેસ્ટ ઓસ્ટ્રેલિયા સામે ૩૩૩ રનના જંગી અંતરથી ગુમાવી દીધા બાદ વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ પર બીજા દાવમાં ટેસ્ટ મેચને બચાવવા માટે તીવ્ર દબાણ છે. ઈતિહાસ પર નજર કરવામાં આવે તો વર્ષ ૧૯૩૨માં ટેસ્ટ ક્રિકેટ રમવાની શરૂઆત કર્યા બાદથી હજુ સુધી માત્ર ત્રણ વખત જ ભારતીય ટીમ પ્રથમ ટેસ્ટ મેચ ગુમાવી દીધા બાદ શ્રેણીમાં વાપસી કરવામાં સફળ રહી છે. ભારતે અલબત્ત બે પ્રસંગે વેસ્ટ ઈન્ડિઝની સામે વર્ષ ૧૯૮૭-૮૮માં ઈંગ્લેન્ડની સામે વર્ષ ૨૦૦૨માં ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં બન્ને શ્રેણીમાં પ્રથમ ટેસ્ટ મેચ ગુમાવી દીધા બાદ શ્રેણીને ૧-૧થી બરોબર કરી હતી. ઈતિહાસ પર ધ્યાન અપાય તો ભારત કુલ આઠ વખત પ્રથમ ટેસ્ટ મેચ હારી ગયા બાદ શ્રેણી ડ્રો કરવામાં સફળ રહ્યુ છે. આંકડા પર નજર કરવામાં આવે તો ભારતીય ટીમે હજુ સુધી બે અથવા તો તેનાથી વધારે ટેસ્ટ મેચોની શ્રેણીના પ્રથમ ટેસ્ટ મેચ તરીકે રમાયેલી ૧૪૦ ટેસ્ટ મેચ પૈકી ૩૮માં જીત નોંધાવી છે. જ્યારે બાવનમાં તેની હાર થઈ છે. એક ટેસ્ટ મેચ ટાઈ રહી છે. બાકી ૪૯ ટેસ્ટ મેચ પરિણામવગર પૂર્ણ રહી છે. શ્રેણીની બીજી ટેસ્ટમાં તેનો દેખાવ સારો રહ્યો છે. અહીં ૧૪૦ ટેસ્ટમાં ૪૨માં જીત મેળવી છે. જ્યારે ૩૮માં તેની હાર થઈ છે. ૬૦ ટેસ્ટ મેચ ડ્રો રહી છે. આજે ત્રીજા દિવસે ભારતીય બેટ્સમેનોની બેટિંગ પર તમામ બાબતો આધારિત રહેશે.

બાબરી ધ્વંસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી શકે છે. સુપ્રિમ કોર્ટે એવો સંકેત પણ આપ્યો હતો કે ૨૨મી માર્ચના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવી શકે છે. સુપ્રિમ કોર્ટે આ સંકેત સીબીઆઈ તરફથી દાખલ કરવામાં આવેલી એવી અરજી પર સુનાવણી વેળા આપ્યો હતો જેમાં અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૦માં હાઈકોર્ટે ભાજપના નેતા એલ.કે. અડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતી, કલ્યાણસિંહ સહિત અન્ય નેતાઓને અપરાધીક કાવતરાના મામલામાંથી મુક્તિ આપી દીધી હતી. આ નેતાઓમાં વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ પણ સામેલ છે. સુપ્રિમ કોર્ટે સીબીઆઈને એવું સૂચન પણ કર્યું છે કે રાયબરેલી અને લખનૌમાં ચાલી રહેલા મામલાઓને ક્લબ કરી લેવામાં આવે. કોર્ટે કહ્યું છે કે મામલાની સુનાવણી લખનૌમાં હાથ ધરાશે. છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે બાબરી મસ્જિદ તોડી પડાઈ હતી. તે વખતે કલ્યાણસિંહ મુખ્યમંત્રી હતા.

આ પણ વાંચીએ...

● વરસાદ માટે કરાવાય છે બે યુવકોના લગ્ન

સારા વરસાદ માટે દેડકાઓના લગ્ન કરાવાય છે તે તમે સાંભળ્યુ હશે, પરંતુ બેંગલોરના ગ્રામ્ય વિસ્તારમાં બે યુવકોના પરસ્પર લગ્ન કરાવવાની પરંપરા છે. માન્યતા અનુસાર આ કાર્યથી વરસાદ સારો થાય છે.

વર્ષોથી ચાલી આવતી આ પરંપરા માટે બે યુવકોને શોધી તે પૈકી એકને વરરાજા અને એકને દુલ્હનના પોશાકમાં તૈયાર કરવામાં આવે છે.

● ઠંડીમાં પણ ગરમ રહે છે અહીનું પાણી

દક્ષિણ ગ્રીનલેન્ડના અનારટોક આઈલેન્ડ એક એવુ સ્થળ છે જ્યાં પાણી આખુ વર્ષ ગરમ રહે છે. ગ્રીનલેન્ડ અા એકમાત્ર હોટ

સ્પ્રિંગ સ્થળ હોવાથી લોકો અહીં પરિવાર સાથે આવે છે. ઠંડીની ઋતુમાં પણ અહીંનું તાપમાન ૩૪ થી ૩૮ ડિગ્રી જેટલુ ગરમ હોય છે. લોકો માને છે કે અહીં સ્નાન કરવાથી ઘણી બીમારીઓ દૂર થાય છે.

● દુનિયાનો સૌથી વયોવૃદ્ધ યોગા ઇન્સ્ટ્રકટર ૯૮ વર્ષની ઉંમરના

૯૮ વર્ષિય તાઓ પોરચીન લાંકની ચર્ચા સમગ્ર દુનિયામાં છે. સૌથી વયોવૃદ્ધ યોગા ઈન્સ્ટ્રક્ટર તાઓ પોતાના કરતબોથી દરેકને હેરાન કરી દે છે. ન્યુયોર્કમાં રહેવાવાળી તાઓ છેલ્લા

૭૫ વર્ષથી યોગા શીખવી રહી છે. તેઓની એનર્જી જોઈ ભલભલા યુવાનો શરમાઈ જાય છે. દરરોજ સવારે ૫ વાગે ઉઠીને તેઓ યોગા કરવા લાગી જાય છે. બાળપણથી તેઓ ભારતમાં રહેતા હતા. બસ ત્યારથી જ તેઓને યોગા પ્રત્યેનો લગાવ વધી ગયો હતો.

● હિંમતનગર બનશે ગુજરાતનુ સૌપ્રથમ સોલાર ટાઉન

સૌરઊર્જા વિદ્યુત નીતિ અંતર્ગત પાયલોટ પ્રોજેક્ટ તરીકે હિંમતનગરની પસંદગી કરવામાં આવી છે. નગરપાલિકા દ્વારા આ બાબતે દરખાસ્ત કરવામાં આવી છે. આ દરખાસ્ત મંજૂર થયે હિંમતનગરને

પ્રથમ સોલાર સિટી બનાવવાનુ શરૂ કરાશે. સૌર ઉર્જાને ઉપયોગ ઘર વપરાશમાં કરી વીજળીનું બીલ ઓછુ કરાશે.

મહિલા સરપંચો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવનાર છે. મળતી વિગતો પ્રમાણે મંગળવારે વહેલી સવારથી જ આ મહિલા સરપંચો જિલ્લાના ૧૨ જેટલા ગામોના પ્રવાસે જનાર છે. જે પ્રવાસ દરમ્યાન રૂર્બન પ્રોજેક્ટ, નર્મદા કેનાલ પર બનાવાયેલ સાયફન, મહુડી મંદિર, સાદરાની પુરાતન લાયબ્રેરી સહિત વિવિધ સ્થાનોની મુલાકાત લેનાર છે. આ મહિલા સરપંચો બપોરના લંચ પછી દાંડી કુટિરની મુલાકાત લેનાર છે અને ત્યાંથી સીધા તેઓ વાહન સેવા દ્વારા રિવરફ્રંટ અમદાવાદ ખાતે પહોંચશે.

તંત્ર દ્વારા મહિલા સરપંચો માટેના આતિથ્ય સત્કારની સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે. ૮ સ્થાનો પર તેમના નિવાસની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ નિવાસ પર તબીબોની ખાસ ટીમો પણ તૈનાત કરવામાં આવી છે.

એક વર્ષની સજા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોજ કલ્યાણસિંહની પત્નીના નામે રૂ ૫ લાખનો દસ્તાવેજ સમજુતી કરાર કરવામાં આવ્યો હતો. જેના અનુસંધાને કલ્યાણસિંહ ચંપાવતે યુનિયન બેંક ઓફ ઈન્ડીયાનો રૂ ૫૦ લાખનો ચેક આપ્યો હતો. જયારે પૈસાની માંગણીના અંતે પંકજભાઈએ આ ચેક બેંક એકાઉન્ટમાં જમા કરાવતા ચેક ફંડ ન હોવાના લીધે રીટર્ન થયો હતો. જેના પરિણામે પંકજભાઈએ વકીલ મારફતે કલ્યાણસિંહને નોટીસ મોકલી હતી. કલ્યાણસિંહે પંકજભાઈ સામે ખોટી ફરિયાદ પણ કરી હતી. આ કેસ ગાંધીનગરની એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતા જજ કે એસ માખીજાએ આરોપીને એક વર્ષની કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

જાહેર નિવિદા

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર, ગ્રંથાલય નિયામકની કચેરી, ગાંધીનગર તથા સરકારી જિલ્લા પુસ્તકાલય, ગાંધીનગર ખાતે સફાઈકામ, ડ્રાઈવર, કોમ્પ્યુટર ઓપરેટર, સેવકો અને કચેરી વ્યવસ્થાપનની સેવાઓ પૂરી પાડતી સંસ્થાઓ પાસેથી ત્રણેય કચેરીઓ માટે અલગ - અલગ ભરેલા ભાવપત્રકો તા. ૭-૩-૨૦૧૭ થી ૧૭-૩-૨૦૧૭ સુધીમાં મળે તે રીતે કચેરી સમય દરમિયાન સ્વીકારવામાં આવશે. ત્રણેય કચેરીઓ માટેના આ અંગેના કોરા ભાવપત્રકો કચેરી સમય દરમિયાન રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭, ગાંધીનગર કાતેથી ટેન્ડર ફી ભરીને તા. ૧૬-૩-૨૦૧૭ સુધી મેળવી શકાશે.

સ્થળ : ગાંધીનગર — ગ્રંથપાલ (વર્ગ-૧)
તા. ૩-૩-૨૦૧૭ — રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર